મનમાં અને હૃદયમાં થોડુંક સ્વર્ગ સાચવીને બેઠેલા લોકો જ આ ધરતી પર જીવી શકે છે
- કાન્તિ ભટ્ટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૨ | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૪, સોમવાર ; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર ઠંડુગાર : પારો ૮.૫

## એક જ દિવસમાં પારો ૪ ડિગ્રી જેટલો ગગડ્યો : ગરમ વસ્ત્રોની ખરીદી માટે વસાહતીઓ ઉમટ્યા

ગાંધીનગર, તા. ૧૪

મોડી મોડી શરૂ થયેલી ઠંડી હવે ડિસેમ્બરના મધ્યે બરાબર જામી છે. ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં થયેલી હિમવર્ષાને પગલે શહેરનું તાપમાન એક જ દિવસમાં ૪ ડિગ્રી જેટલું ગગડતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. નોંધાયું હતું.

આ વર્ષે લગભગ તમામ સિઝન મોડી શરૂ થઈ છે. વરસાદ પણ ખુબ રાહ જોવડાવ્યા બાદ લગભગ એકાદ મહિનો જેટલુ મોડો શરૂ થયો હતો. તે જ રીતે ઠંડી પણ ખુબ મોડી શરૂ થઈ છે. નવેમ્બર માસમાં ગરમ વસ્ત્રો કાઢનાર વસાહતીઓને હવે છેક ડિસેમ્બર મહિનાના મધ્યે તેની જરૂર પડી છે. છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૫ ડિગ્રીની આસપાસ સ્થિર રહ્યું હતું. જ્યારે



(તસવીર : કશ્યપ નિમાવત)

મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીની આસપાસ રહેતુ હતુ. ગુલાબી ઠંડીનો અનુભવ નગરજનો કરી રહ્યા હતા. જો કે ગઈકાલે ઉત્તરભારતના જમ્મુ-કાશ્મીર સહિત છેક હિમાચલપ્રદેશ સુધી હિમવર્ષા થતા તેની સીધી અસર ગુજરાત પર થઈ છે. ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં માવઠા બાદ કડકડતી ઠંડી પડી રહી છે. તેના પગલે ગુજરાતમાં એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી જેટલી ગીરાવટ આવી હતી. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. નોંધાયું હતું જે સીધુ જ ચાર ડિગ્રી જેટલુ નીચે ઉતરી રવિવારની રાત્રે ૮.૫ ડિ.સે. જેટલુ થઈ ગયું હતું. જેના પગલે દિવસે પણ ઠંડી લાગતી હતી. રવિવારે રાત્રે ઠંડી વધતા વસાહતીઓએ ઘરના બારી-બારણાં મોડે સુધી બંધ રાખ્યા હતા. આજે મહત્તમ તાપમાન પણ ૨૫.૦ ડિ.સે. જેટલુ નોંધાયું હતું. જે ગઈકાલ કરતાં ત્રણેક ડિગ્રી જેટલુ ઓછુ છે.

મોસમમાં પહેલીવાર લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. જેટલુ ગગડતા વસાહતીઓ ગરમ વસ્ત્રોની ખરીદી કરવા બજારોમાં ઉમટી પડ્યા હતા. વધેલી ઠંડી અને રવિવારની રજાના પગલે ઘ-૩ ના મેદાન અને ઘ-૫ના મેદાનમાં ભરાયેલ તીબેટીયન માર્કેટમાં સારી એવી ભીડ જામી હતી. બાળકોના ગરમ વસ્ત્રોની ખરીદી મોટા પાયે થઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રથી દક્ષિણ પશ્ચિમ રાજસ્થાનના પટ્ટામાં ઉભા થયેલા હળવા દબાણના પટ્ટાને કારણે વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી પણ વ્યક્ત કરવામાં આવી છે.

### ક્યાં-કેટલું તાપમાન...

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| નલિયા | ૮.૪ |
| ગાંધીનગર | ૮.૫ |
| દિવ | ૮.૫ |
| ડિસા | ૯.૫ |
| અમદાવાદ | ૯.૬ |
| રાજકોટ | ૯.૭ |
| કંડલાએરપોર્ટ | ૧૦.૪ |
| અમરેલી | ૧૦.૫ |

## ઉત્તરભારતમાં કાતિલ ઠંડી સાથે હિમવર્ષા યથાવત

નવીદિલ્હી,તા. ૧૪

સમગ્ર ઉત્તર ભારતમાં પારો ગગડી ગયો છે. લેહમાં માઈનસ ૧૪.૪ ડિગ્રી સુધી તાપમાન પહોંચી ગયો છે જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મેદાની ભાગોમાં પણ તાપમાન ઘટ્યું છે. રાજસ્થાનના ચુરુમાં બે ડિગ્રી તાપમાન થયું છે. હિમાચલ અને જમ્મુ કાશમીરમાં ભારે હિમવર્ષા થઈ છે. જો કે, ફસાઈ ગયેલા હજારો યાત્રીઓને બચાવી લેવામાં આવ્યા છે. સિમલાથી પ્રાપ્ત અહેવાલ મુજબ હિમાચલમાં મનાલી રિસોર્ટ જોવા પહોંચેલા ૬૦૦ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. જો કે, ૧૮ લોકો હજુ પણ અટવાયેલા છે. તેમને મનાલીથી ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તાર મારહી ખાતેરહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

રોહતાગ પાસ જતાં પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. મનાલીમાં હિમવર્ષા શનિવારથી જારી છે. ચંદીગઢ-મનાલી રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે. મનાલીમાં એકફૂટથી પણ વધુ બરફ પડ્યો છે. હરિયાણામાં નારનોલ સૌથી ઠંડુ રહ્યું છે ત્યાં ૨.૫ ડિગ્રી તાપમાન થયું છે. પંજાબના અમૃતસરમાં ૩.૨ ડિગ્રી તાપમાન થયું છે. તાપમાનમાં એકાએક ઘટાડો થતાં લોકો વધુ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

## ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં કોલ્ડવેવની ચેતવણી

અમદાવાદ,તા. ૧૪

અમદાવાદ સહિત ગુજરાત ભરમાં હવે તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. તાપમાનમાં તીવ્ર ઘટાડો થતાં લોકો પણ હવે મુશ્કેલીનો અનુભવ કરવા લાગી ગયા છે. આજે સૌથી ઓછું તાપમાન નલિયામાં ૮.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી નોંધાયું હતું. ડિસામાં પણ ૯.૫ ડિગ્રી નોંધાયું હતું. ગાંધીનગરમાં ૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતના ઘણા ભાગોમાં આજે તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયું હતું જેથી કાતિલ ઠંડીનો લોકો અનુભવ કરી રહ્યા છે. કોલ્ડવેવની ચેતવણી પણ ઉત્તર ગુજરાતના પ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે જારી કરવામાં આવી છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. અમદાવાદમાં આવતીકાલે પણ લઘુત્તમ તાપમાન આઠ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.



(તસવીર : દિપક જાની)

રમતોત્સવ - રમતોત્સવની મોસમ છે... ડિસેમ્બર મહિનામાં શાળા-કૉલેજોમાં રમત-ગમતની સ્પર્ધા યોજાય છે. તમામ વર્ગના બાળકો રમતોત્સવમાં હોંશેહોંશે જોડાય છે અને રમત પરત્વેની રૂચિ અને રસ જાગૃત થાય તે માટે દરેક શાળા અને શિક્ષકો પ્રયાસ કરતા હોય છે... ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં સ્પોર્ટ્સ-ડેની ઉજવણી ભારે ઉલ્લાસભેર કરાય છે અને સ્પોર્ટસ-ડે વખણાય પણ છે... શિસ્ત, ખેલદિલી અને સાહસિકતાના ગુણોનો વિકાસ થાય તે માટે સ્પોર્ટ્સની મહત્વ અપાય છે. સેંટ ઝેવિયર્સ ખાતે શનિવારે યોજાયેલ સ્પોર્ટ્સ-ડેની તસવીરી ઝલક....

## ગાંધીનગર સિવિલના નવા સંકુલમાં સર્જરી વોર્ડ આગામી મહિને કાર્યરત થશે

### સર્જરી માટે ૫ મા અને ૬ ઠ્ઠા માળે બે ઓ.ટી. કાર્યરત કરવાની સાથે ૧૮૦ પથારીની સુવિધા ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં ૫ મા અને ૬ ઠ્ઠા મજલાનો ચાર્જ આ માસના અંત સુધીમાં હોસ્પિટલને સોંપી દેવામાં આવતાં જુના સંકુલમાંથી સર્જરી વોર્ડ ત્યાં ખસેડી ૧૮૦ જેટલી પથારીની સુવિધા ઉભી કરાશે.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બન્ને મજલા પર આવેલા અદ્યતન ઓપરેશન થિયટરો પણ આગામી માસથી કાર્યરત કરવામાં આવશે. આ સાથે ગાંધીનગર હોસ્પિટલના નવા સંકુલમાં નવ ઓ.ટી.માંથી બે ઓ.ટી. કાર્યરત થઈ જશે.

મળતી વિગતો જુના સંકુલમાં સર્જરી વોર્ડની ૧૨૦ જેટલી પથારીઓ હાલ છે. આ નવા સંકુલમાં આ વોર્ડની પથારીની સંખ્યા ૧૮૦ થશે અર્થાત ૬૦ નવી પથારીની સુવિધા પણ ઉપલબ્ધ બનશે.

સર્જરી વોર્ડની ૧૮૦ જેટલી પથારીની સુવિધા સાથે નવા સંકુલમાં જ ૪૦૦ પથારીની સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બનને ઓ.ટી. મોડ્યુલર ઓ.ટી. છે અને આવા એક ઓ.ટી.ને બનાવવા પાછળ ૧.૫૦ કરોડનો ખર્ચ થયો છે. આમ ગાંધીનગર હોસ્પિટલમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ઓપરેશન થિયેટરની સુવિધા વધશે. હાલ જુના સંકુલમાં એક જ ઓપરેશન થિયેટરની સુવિધાને કારણે દર્દીઓની હાલાકીમાં ઘટાડો થશે.

હોસ્પિટલ સંકુલ સંપૂર્ણતઃ તૈયાર કરાવામાં અંદાજે છ થી સાત મહિના જેટલો સમય લાગશે. જો કે હજુ હોસ્પિટલ સત્તાવાળાઓ પણ

● અનુસંધાન પાન-૭ પર

## દહેગામમાં લોકાર્પણ કાર્યક્રમમાં કાળા વાવટા

### પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ અને કલેકટરની હાજરીમાં સ્ટેજ પર વાવટા ફરકાવી કોંગી આગેવાનોએ તકતી પર નામ ન લખવાનો વિરોધ પ્રગટ કર્યો

ગાંધીનગર, તા.૧૪

દહેગામ નગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈનના પ્રથમ તબક્કાના પૂર્ણ થયેલા કાર્યો બાદ તેનું લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ તથા જિલ્લા કલેકટરની હાજરીમાં ચાલુ કાર્યક્રમમાં સ્ટેજ પરથી કોંગી આગેવાનો કાર્યકરોએ કાળા વાવટા ફરકાવ્યા હતાં. લોકાર્પણની તકતી પર કોંગી ધારાસભ્ય અને નગરપાલિકાના પ્રમુખનું નામ નહીં લખ્યું હોવાથી કાળા વાવટા ફરકાવીને કાર્યકરોએ વિરોધ પ્રગટ કર્યો હતો અંતે પોલીસે દરમિયાનગીરી કરીને કોંગી કાર્યકરોને બહાર નીકાળી મામલો શાંત પાડયો હતો.

પાણી પુરવઠા બોર્ડ દ્વારા દહેગામ નગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈનનું ૨૨ કરોડનું કામ મંજુર કરવામાં આવ્યું હતું જે પૈકી રૂ. ૬.૭૦ કરોડનું પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થતા તેનું લોકાર્પણ આજે દહેગામ જીઈબી પાસે પમ્પીંગ સ્ટેશનની બાજુમાં રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી નિતિન પટેલ, પ્રભારી સચિવ સંજય પ્રસાદ, જિલ્લા કલેકટર ઉપરાંત દહેગામ ધારાસભ્ય કામીનીબા રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ભરત રબારી સહીતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત હતાં. લોકાર્પણની તકતી પર કોંગ્રેસી ધારાસભ્ય અને નગરપાલિકાના પ્રમુખનું નામ લખેલું ન હોવાથી આ બાબતનો વિરોધ ચાલુ કાર્યક્રમો કોંગી કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો. કાળા વાવટા ફરકાવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આખરે પોલીસે દરમિયાનગીરી કરીને મામલો થાળે પાડયો હતો.

## સ્વચ્છતાના મામલે પેથાપુરની મુલાકાતે પહોંચેલા કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે પેથાપુર નગરપાલિકા કચેરીમાં ઓચિંતી મુલાકાત લઈ નગરની સ્વચ્છતા અંગેની સમીક્ષા કરી હતી.

ગઈકાલે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પુંધરા પ્રા. આ. કેન્દ્રની ઓચીંતી મુલાકાત સ્વચ્છતા અભિયાનને લઈ લીધી હતી. આમ ગાંધીનગર શહેર બાદ હવે જિલ્લા અધિકારીઓએ સ્વચ્છતા અભિયાનને ગ્રામ્ય સ્તર અને નગરો સુધી વિસ્તારવાની દિશામાં અભિયાન હાથ ધર્યું છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે આજે પેથાપુર નગરની એક કલાક સુધી મુલાકાત લઈ અને નગરમાં સ્વચ્છતા અભિયાનની સમીક્ષા કરી હતી.

તેમણે નગરપાલિકા કચેરીની પણ મુલાકાત લઈ સ્વચ્છતા જાળવવા માટે સૌને કડક તાકીદ કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ પોતાનો હોદો સંભાળ્યા બાદ પહેલીવાર નગરપાલિકા કચેરીની મુલાકાત લીધી હતી. આજે જિલ્લા કલેક્ટરની આ મુલાકાત દરમ્યાન તેમણે પેથાપુર નગરપાલિકાની આવી રહેલી પેટા-ચૂંટણીને લઈ કરાયેલી તૈયારીની પણ સમીક્ષા કરી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ નગરમાં સ્વચ્છતા જાળવવા માટે કેટલાક મહત્વના પગલાઓ તાત્કાલિક લેવા માટે ચીફ ઓફિસરને સૂચવ્યા હોવાનું જાણવા મળેલ છે.

## આજે અને કાલે જાહેર માર્ગો પર ૩૦૦ ડસ્ટબીન મુકાશે

### ૯૦ લીટરની ક્ષમતા ધરાવતા આ ડસ્ટબીન માટે કલર કોડ પણ નિયત કરવામાં આવ્યા છે : શહેરમાં દરરોજ ૧૦૦ ટન ઘન કચરો ઉત્પન્ન થાય છે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી બે દિવસમાં જાહેર માર્ગો પર સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડસ્ટબીન મુકી દેવામાં આવશે.

અંદાજે ૩૦૦થી વધુ ડસ્ટબીન જાહેર માર્ગો પર મુકવામાં આવશે. ડસ્ટબીન મુકવા અંગેનો નિર્ણય મનપાની સ્થાયી સમિતિએ કર્યા બાદ આ અંગેનો વર્ક ઓર્ડર તાત્કાલિક આપી દેવામાં આવ્યો હતો.

વાયબ્રન્ટ સમીટ પૂર્વે આ ડસ્ટબીન મુકવા જરુરી હોવાથી એજન્સી દ્વારા પણ એકાદ બે દિવસમાં જ ડિલીવરીનો પ્રથમ જથ્થો આપી દેવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં દૈનિક ૧૦૦ ટન જેટલો ઘન કચરો ઉત્પન્ન થતો હોવાનો પ્રાથમિક અંદાજ છે.

૯૦ લીટર જથ્થાની ક્ષમતા ધરાવતા આ ડસ્ટબીનને કલરકોડ આપવામાં આવ્યા છે. જ રોડ, ઘ રોડ, ચ રોડ, ખ રોડ, છ રોડ પર આ ડસ્ટબીન મુકવામાં આવનાર છે.

શહેરમાં સ્વચ્છતા મિશન છેલ્લા એક સપ્તાહથી એકદમ વેગીલું બની ચુકયું છે. વનવિભાગ દ્વારા પણ સેન્ટ્રલ વર્જ સહિતની સફાઈ કામગીરી હાથ ધરી દેવામાં આવી છે.

જો કે સુકા કચરાને હજુ જાહેરમાં બાળવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવતી હોવાની વાતને લઈ લોકોમાં નારાજગી છે. માર્ગોની સફાઈ અને જાહેર મેદાનોની સફાઈ હાથ ધરાઈ છે. પરંતુ સેકટરોનાઆંતરિક માર્ગો અને આંતરિક વિસ્તારોની સફાઈ બાબતે હજુ તંત્રનું વલણ ઉદાસીન હોવાનું જ લોક ચર્ચાનો મુદ્દો છે.

જાહેર વિજ્ઞપ્તિ

દેના બેંક DENA BANK (A Government of India Enterprise) Trusted Family Bank

પ્રધાનમંત્રી જન-ધન યોજના અંતર્ગત ગાંધીનગર, સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાની ૧૦૦ ટકા સિદ્ધિ

બેંકમાં ખાતું ખોલાવવા અંગે જિલ્લાઓની સામાન્ય જનતા માટે સૂચના

ગાંધીનગર, સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં કાર્યરત બેંકોએ તેઓને ફાળવેલ જે તે સર્વિસ એરિયા મુજબ ગામ તથા વૉર્ડના સેન્સસ ૨૦૧૧ મુજબ જેટલા કુટુંબો છે, આ દરેક કુટુંબ દીઠ ઓછામાં ઓછું એક બેંક ખાતુ ખોલવામાં આવેલ છે અને આ અંતર્ગત સરકારશ્રીના સહયોગથી બેંકોએ વિશેષ સિદ્ધિ હાંસલ કરેલ છે.

**તેમ છતાંય કોઈ કારણસર કોઈ કુટુંબ જો બેંક ખાતું ખોલવાથી વંચિત રહી ગયેલ હોય, તો તેઓએ સર્વિસ એરિયા મુજબ ફાળવેલ ગામ તથા વોર્ડ અંતર્ગત જે તે બેંક શાખાનો અથવા બેંક મિત્ર (BC)નો સંપર્ક કરવો.**

જો આપની પાસે અગાઉથી કોઈ બેંક ખાતું છે, તો ફરીથી અન્ય ખાતું ખોલાવવાની જરૂર નથી. તેજ ખાતામાં રૂપે (RuPay) કાર્ડ મેળવવા માટે લાગતી-વળગતી બેંક શાખાનો સંપર્ક સાધવો. પ્રધાનમંત્રી જન-ધન યોજના અંતર્ગત આ ખાતાઓમાં રૂપે (RuPay) કાર્ડ અને યોગ્ય સમયે બીજી બેંકિંગ સુવિધાઓ / લાભો આપવામાં આવશે.

આ અંગેની વધુ જાણકારી મેળવવા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૧૦૦૦ અથવા ૦૭૯-૨૩૨૨૦૧૪૪ પર સંપર્ક કરવો.

**ઝોનલ મેનેજર, ગાંધીનગર**
**દેના બેંક - જિલ્લાની લીડ બેંક**

**લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર,**
**ગાંધીનગર, સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લા**